Volume : 3 | Issue : 2 | Feb 2014 • ISSN No 2277 - 8160

Research Paper | Education

Shikshan kshetra na Prashno ane Padkaro

શિક્ષણ ક્ષેત્રનાં પ્રશ્નો અને પડકારો

Pro. ALkaben Harilal — Commerce Dep.,Arts & Commerce Collage,Mota Pondha,Taluka-Kaprada,Dist.-Valsad

Patel Dilipkumar Chunilal — P.H.D. Student,Pacefic Univercity,Udaipur, Rajsthan

KEYWORDS :

આધુનિક ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓ ખુબ જ વધી રહી છે,શિક્ષણનો પ્રસાર થવા લાગ્યો છે.પરંતુ શિક્ષણનાં સારા ઉદ્દેશોને અવગણીને અપાય રહેલા શિક્ષણથી દેશનો સાચો વિકાસ થશે કે કેમ ? એ મોટો પ્રશ્ન છે.કારણ કે ખોટી દિશામાં શિક્ષણ હોય, તે સાવ શિક્ષણ જ ન હોય તેનાં કરતા પણ ખરાબ છે. આજે બાળક પાંચ વર્ષનું થાય એટલે કપાળે કંકુનો ચાંદલો કરી શ્રીફળ વધેરી અને કુંકુંબીજનોનું મ્હોં મીઠું કરાવી. અને શાળાનાં ચાર દિવાલોની વચ્ચે બાળકનાં વજન કરતા પણ વધારે વજનનાં પુસ્તકો વચ્ચે તેની બાળ સહજની ચેષ્ટાઓ,કલ્પનાઓ અને અરમાનોને શિક્ષકનાં સૂચનો અને ધાક ધમકી અને પુસ્તકોનાં થપ્પા વચ્ચે દાબી દેવાની પ્રવૃતિને આપણે શિક્ષણ કહીએ છીએ.બાળકને સંસ્કાર,સદગુણ,ચારિત્ર્ય વગરેથી પર રાખીને ફક્ત ગણિત વિજ્ઞાન કે અંગ્રેજી ભણાવી ડોકટર,વકીલ કે એન્જિનયર બનાવવાની ઘેલછાને શિક્ષણનું નામ અપાઇ રહ્યું છે.

જેથી શિક્ષણ ક્ષેત્રે આજે અનેક પ્રશ્નો સર્જાયા છે :

જેમકે...

શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકારણનાં પ્રવેશથી તેમજ શિક્ષકોની ધન પ્રાપ્તિની આંધળી દોટ થી શિક્ષણ માત્ર વેપારી વૃત્તિ વાળુ જ બની ગયું છે.લાખો રૂપિયા શિક્ષકો અને વહીવટ પાછળ ખર્ચાય રહ્યા છે.છતાં પરિણામો સાવ નિરાશાજનક અને કંગાળ આવે છે. ચોરીનું દૂષણ અને ભ્રષ્ટાચાર એ જાણે કે આજે શિષ્ટાચાર બની ગયો છે.શૈક્ષણિક સંસ્થાઓમાં નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણનાં અભાવે ઘણા વિદ્યાર્થીઓ અનૈતિક ટેવો અને નશીલા પદાર્થો તરફ ઢળી છે.અને છેવટે ક્યાંક હતાશા કે આત્મ હત્યા તરફ વળે છે.એક સરકારી રિપોર્ટ જણાવે છે કે હોસ્ટેલો એ આજે અસામાજિક તત્વોનું આશ્રય-ધામ બન્યું છે.આ પરથી વિચારી શકાય કે આજે ભારત શિક્ષણ ક્ષેત્રે ક્યાં જઇ રહ્યું છે. એની દશા શી છે ? માત્ર પ્રમાણપત્રો આપનાર શિક્ષણને શિક્ષણ ન કહી શકાય.સમાજનાં ઉ પરોક્ત ચિત્ર માટે જવાબદાર કોણ ? એક બીજાને દોષ દેવાથી કંઇ જ ન થાય.પણ કેમ આવા સંજોગોનું નિર્માણ થયું તે વિચારવું જરૂરી છે. આજે સમાજમાં સંસ્કારીતાનું પ્રમાણ ઘટી રહ્યું છે.આપણે જેને સંસ્કાર કહીએ છીએ, તે આજનાં શિક્ષણથી પ્રાપ્ત થતું હોય એવું જણાતું નથી.જો સારા સંસ્કારો પ્રાપ્ત થતા હોય તો આજે સમાજમાં આવી દુર્દશા ન હોત ,આજે સમાજમાં ઠેર ઠેર ફૂરિવાજો, ફરજ પ્રત્યે બેદરકારી,શોષણ, સ્વાર્થ, ઘરડાઘરોની વધતી જતી સંખ્યા,જુઠાણુ, અને દંભ અત્ર,તત્ર,સર્વત્ર પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું છે.ખરેખર આજનાં શિક્ષણમાં કંઇક ખૂટે છે,જેને કારણે વ્યકિતનું યથાયોગ્ય ઘડતર થતું નથી.સમાજમાં સાત્વિક સફળતાની ઉપેક્ષા થઇ રહી છે.

આજે ખાનગીક્ષેત્રમાં નોકરી માટે માત્ર નક્કી કરેલી શૈક્ષણિક લાયકાત,અમુક વર્ષનો અનુંભવ,વગેરે બાબતો જોવાને બદલે વ્યકિત નવું શીખવા માટે કેટલી તૈયાર છે.ચેલેન્જ સ્વીકારવા તૈયાર છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.જ્યારે આજનાં શિક્ષણમાં વ્યક્તિ સ્નાનક થયા પછી પોતાનું ગુજરાન ચલાવવા નોકરીની શોધમાં અનેક સંસ્થાઓમાં ધક્કા ખાય છે,કોઇ વ્યવસાય કે ધંધો કરવાની તેમનામાં આવડત નથી,જો આટલા વર્ષ પછી પણ તેમના પોતાનાં પગ પર કેવી રીતે ઉભા રહેવું એ કૌશલ્યનો વિકાસ વ્યર્થ વિતાવ્યા ગણાય.

આજે શાળાઓમાં કાર્યની શરૂઆત પ્રાર્થનાથી થાય છે.ઉત્તમ અને સારી બાબત છે.પરંતુ આટલું જ પૂરતુ નથી.કારણ કે વિદ્યાર્થીઓનાં પ્રેરણામૂર્તિ શિક્ષકો છે.આજે કેટલા શિક્ષકોના.જીવન આધ્યાત્મિકતા અને સારા વિચારોથી રંગાયેલા છે ? જો આપણે તપાસ કરીએ તો નિરાશ થવું પડે.જો આમ જ હોય તો તેમની પ્રભાવે વિદ્યાર્થીઓનાં જીવન પર કેવી રીતે પડી શકે ? સૌ ભૌતિક સુખ પાછળ રઘવાયા થયા છે.એટલે શાળાની પ્રાર્થના તો બસ એક યંત્રવત કાંડ બની રહે છે.મોટા અવાજે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગવાની હોય,પરંતુતે હૃદયને સ્પર્શતી ન હોય તો તેનો શું અર્થ ? આથી સૌ પ્રથમ તો જરૂરી એ છે કે શિક્ષકોની વિચારસરણીમાં પરિવર્તન આવે.ખરેખર પ્રાર્થના સભા પ્રત્યે આજે જરૂરી ગંભીરતા નથી.સારા સંસ્કારો અને આધ્યાત્મિકતાનો જેને સાચો રંગ લાગ્યો હોય,તેનાં વર્તનમાં હકારાત્મક પરિવર્તન આવે અને વર્તનમાં પરિવર્તન લાવે તેનું નામ શિક્ષણ.

આજનું શિક્ષણ ફક્ત પોપટીયું જ્ઞાન આપે છે અને જીવનની વાસ્તવિક પરિસ્થિતિ અને એને સમજવાની કીડા સૂઝથી દૂર રાખે છે.સાચુ શિક્ષણનું બીજુ કામ વ્યક્તિમાં સંસ્કાર,સદાચાર,સદવર્તન, અને ચારિત્ર્ય સિંચન કરવાનું છે.શાળામાં સારા સંસ્કારોનાં વિકાસ માટે અભ્યાસક્રમમાં હૃદયસ્પર્શી ગદ્ય અને પદ્યની સરસ રચનાઓ પસંદ કરવામાં આવી હોય છે.પરંતુ તેનાથી તેમનાં સારા સંસ્કારોનું ઘડતર થતું નથી.હેતુ તો સારો,પરંતુ તમનું શિક્ષણ જે રીતે થાય છે,તે જોતા વિદ્યાર્થીઓનાં હૃદયને સ્પર્શે એવી કોઇ શક્યતા જણાતી નથી,મોટાભાગે માત્ર વેઠ ઉતારાતી હોય છે.જો કોઇ સારી રીત કરવા જાય તો તેને વેદિયાની ઉપાધિ મળી જ સમજો.એનું મુખ્ય કારણએ છે કે શિક્ષક,વાલી અને વિદ્યાર્થીઓ શિક્ષક,વાલી અને વિદ્યાર્થી માત્ર પરીક્ષાલક્ષી દૃષ્ટિકોણ જ ધરાવે છે,સાચા જીવનલક્ષી શિક્ષણકાર્યની કોઇને પડી નથી.ક્યારેક તો સમાજમાં સારા સંસ્કારોનું ઘડતર કેટલાક સારા ચલચિત્રો જેવા કે બોમ્બે,બાગબાન,શરારત કે મુન્નાભાઇ ખુબ જ સારી રીતે કરે છે.આધ્યાત્મિકતાનાં વિકાસ અંગે વિચારીએ તો વાલીયો લૂંટારો,વાલ્મિકી બની શકે એ ઘટના સત્સંગનું જ પરિણામ છે.આજે વાલ્મિકી બનવાની ક્ષમતા ધરાવતા હોંશિયાર,શિક્ષિત વ્યક્તિઓ વાલીયાને સારો કહેવડાવે એવા કેમ બન્યા ? સારા સંસ્કારો અને આધ્યાત્મિકતાનાં અભાવમાં જ વ્યકિત આવી છેતરપિંડી કરી શકે. બાકી અન્યનાં ભોગે કોઇ વ્યકિતને એક જીંદગી માટે આટલા રૂપિયાનો ગોટાળા કરવાની ક્યાં જરૂર પડે ? તેમનો સમગ્ર પરિવાર આખી જીંદગી ફાઇવસ્ટાર કક્ષાનું જીવન જીવે તો પણ આટલા બધા રૂપિયાની જરૂર તો નહીં જ પડે.આ વ્યક્તિઓએ પોતાની બુધ્ધિશક્તિ અને આવડતનો ઉપયોગ લોકોનાં ભલા માટે કર્યો હોત તો ? તેમને વ્યવસાયલક્ષી શિક્ષણ સારૂ મળ્યું,પરંતુ નિતીમત્તા અને પ્રમાણિકતાનાં પાઠો અધુરા રહ્યા.

આજનાં અપાતા શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું મગજ ખીલે છે અને હૃદય કરમાય છે.સંસ્કારહીન અને સંવેદનશીલ ડિગ્રીધારીઓ બહાર પડે છે.આવો ડિગ્રીધારી પણ જ્ઞાન,સમજ વિહીન સાક્ષર એટમબોમ્બથી જરાય ઓછો ખતરનાક નથી.આજની આપણી શિક્ષણની ફેક્ટરીઓમાંથી આવા લાખો વિનાશક બોંબ બહાર પાડી રહ્યા છે,તેથી એક વિચારક કહ્યું છે કે અભણ માણસ રેલ્વેનો એક પાટો ચોરશે.ભણેલો માણસ આખી રેલ્વે જ ઘરે લઇ જશે.મતલબ એ છે કે અભણ માણસ તિજોરી લૂંટે,ભણેલો આખી બેંક લૂંટે,આજની ફડચામાં જઇ રહેલી કેટલીય બેંકોનાં સંચાલકો શિક્ષણ પામેલા જ છે ને ?

આજનો કોલેજીયન વિદ્યાર્થી કોલેજને બગીચો સમજીને ફરે છે,એમને માટે શિક્ષણનું કોઇ મહત્વ નથી.આ કોલેજીયનો જે દેશનું ભવિષ્ય છે,જો તેમની માનસિકતા ન બદલાય તો દેશનું ભવિષ્ય અંધકારમય જ બનશે ને ? એક પંક્તિ છે ને ,

"જીંદગીની ગણિતની પરીક્ષામાં રીતનાં માર્ક નથી મળતા,

જ્યાં રકમ ખોટી હોય ત્યાં સાચા જવાબ નથી મળતા "

આજે શિક્ષણ નામની સમગ્ર પ્રક્રિયામાંથી શિક્ષણ શોધવું પડે એવી પરિસ્થિતિ છે.આપણી શિક્ષણરૂપી ઇમારતમાં બાલક-પાલક-શિક્ષક અને સંચાલક એમ ચાર પાયા ગણાવ્યા છે.આ ચારે પાયા મજબૂત હોય ચારે પાયા શિક્ષણની ચિંતા કરનારા હોય,ચારે એકબીજાને સંપર્કમાં હોય,ચારે એકબીજાને સમજતા હોય તો શિક્ષણ મજબૂત અને ઉંચી ગુણવત્તાવાળું બને,આ ચારેય જ્યારે શિક્ષણને તાકે છે,ત્યારે સંસ્થામાં શૈક્ષણિક વાતાવરણ ઉભું થાય છે.

જીવન વ્યવસ્થા માટે જે શિક્ષણ વ્યવસ્થા ઘડે.તે તો માનવ માટે ખતરનાક છે,શિક્ષણ દ્વારા સમાજનું ઘડતર થાય અને શિક્ષણ વડે જ સમાજનું નિર્માણ થાય છે.શિક્ષણનો મૂળ હેતુ તો માનવને પોતાનાં અસ્તિત્વનું કારણ બતાવવાનું છે.આજની આપણી શિક્ષણ વ્યવસ્થા માણસને પોતાની પ્રકૃતિ વિરૂધ્ધ કેળવી રહી છે.કૂદરત દ્વારા મળતી કેળવણી સાચી કેળવણી છે.જો વિદ્યાર્થીઓ પોતાનો જીવનમંત્ર પાછો મેળવી લે અને દૂનિયામાં ઇશ્વરનાં કાનૂનની સ્થાપનાં કરી લે તો દૂનિયા ફરી એકવાર શાંતિનું પારણું બની શકે.

આજનાં આધુનિક યુગમાં શિક્ષણમાં ઉદભવેલા પ્રશ્નોની સાથે સાથે શિક્ષણની સામે કેટલાક મહત્વનાં પડકારો ઉદભવ્યા છે :

જેમ કે...

પરિવર્તનનો પડકાર :

આજની એકવીસમી સદી એ ટેકનોલોજીની સદી છે.સરકાર આયોજન કર્યું છે કે વિદ્યાર્થીઓને વિષયવસ્તુ ઇ-કન્ટેન્ટનાં રૂપમાં પ્રાપ્ત થશે,અને શૈક્ષણિક ચેનલો દ્વારા તજ્ઞ અને અનુંભવી અધ્યાપકોનાં વ્યાખ્યાનોનું ચોવીસ પ્રસારણ થશે.આવી પરિસ્થિતિમાં શિક્ષણની ભૂમિકા બદલાઇ રહી છે.શિક્ષકોનું કામ વિદ્યાર્થીઓની અંદર સાચી સમજ

વિકસાવવાનું રહેશે. વિદ્યાર્થીમાં માહિતીની આપલે કરવાથી યોગ્ય ક્ષમતા ન હોય, તેથી તેને યોગ્ય દિશા તરફ લઇ જવાનું કામ શિક્ષકનું છે. શિક્ષકે ઇન્ટરનેટ સાથે મિત્રતા બાંધવી પડશે, અને પછી સમજાવવું પડશે. શિક્ષકનું કામ વિદ્યાર્થી માહિતીની યોગ્ય આપલે કરે તે જોવાનું રહેશે. વિદ્યાર્થીઓએ પણ ઇન્ટરનેટ અને અન્ય આધુનિક સાધનો દ્વારા નવું નવું જરૂરી જ્ઞાન મેળવતા જ રહેવું પડશે.

ચારિત્ર્ય અને શીલનિર્માણનો પડકાર :
શિક્ષણનું મહત્વપૂર્ણ કાર્યશીલ નિર્માણ કરવાનું ટેકનોલોજીનાં આ યુગમાં શીલ નિર્માણ સામે પ્રશ્ન ઉભો થયો છે. ઇન્ટરનેટ પર લાખો અશ્લીલ વીડીઓ અપલોડ કરવામાં આવ્યા છે. દરરોજ હજારો નવા ખુબ જ ખરાબ અને અશ્લીલ કહી શકાય એવા વીડીઓ અને અશ્લીલ સાહિત્ય અપલોડ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ આ મોહ જાળમાં ફસાઇ ન જાય તે માટે વિદ્યાર્થીઓમાં વિવેકબુધ્ધિ જાગૃત કરવાનું કામ બહું મોટા પડકાર સમાન છે. એકવીસમી સદીમાં જ્યારે ઇન્ટરનેટનો ડગલેને પગલે ઉપયોગ વધી રહ્યો છે, ત્યારે શિક્ષકે આ પડકારનો સામનો કરવા જાતને કેળવવી પડશે.

વિદ્યાર્થીઓને ઓળખવાનો પડકાર :
સરરાશ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ભણાવવાની જૂની પધ્ધતિ એકવીસમી સદીમાં હવે સફળ નથી. દરેક વિદ્યાર્થીની અંદર એક આગવી પ્રતિભા છે. તે ઓળખવી પડશે. અને પછી શિક્ષણ આપવું પડશે.

સમય સાથે તાલ મિલાવવાનો પડકાર :
આજે શિક્ષણ દ્વારા આવું જ થઇ રહ્યું છે. પોતાનાં વિદ્યાર્થીઓને તેની મુડી સાથે ઓળખવા પ્રત્યેક શિક્ષક પાસે વિદ્યાર્થીનું સ્વોટ એનાલીસીસ કરવાની ક્ષમતા અનુસાર શિક્ષણ આપવાનો પડકાર એકવીસમી સદી લઇને આવી છે. પ્રાચીન કાળમાં ઋષિઓ આવું કરતા હતા વિદ્યાર્થીઓએ શું ભણવું તે નક્કી કરવાનો અધિકાર મા-બાપ ને ન હતો. ઋષિઓ યોગ્ય પરિક્ષણ બાદ તેની ક્ષમતા જોઇને શિક્ષણ આપતા હતા. આજે લીલી જોઇને ચક્કર આવનાર વ્યકિત મા-બાપની ઇચ્છાને કારણે ડોક્ટર બનવા જાય છે, પછી બાવાને બેય બગાડે છે.

સમાજમાં પવર્તની હાલની દુર્દશાનાં નિવારણ માટે શિક્ષણ સંસ્થાઓમાં ગણિત વિજ્ઞાન, ભાષાની સાથોસાથ નિયમિત રીતે દર્શાવેલ પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઇએ.

૧. અભ્યાસક્રમમાં જીવન ઘડતર અંગેની બાબતો, મૂલ્યોનાં સ્થાપન કરવા અંગેની બાબતો તેમજ જીવ, જગત અને જગદીશની બાબતો આમેજ કરવામાં આવે આ માટે શિક્ષણમાંથી રાજકારણ સંપૂર્ણપણે દૂર કરવું જોઇએ.
૨. શિક્ષણ શાખાની લગામ જ્ઞાનની રીતે સર્વ સંપન્ન શિક્ષણ વિદોને સોંપવી જોઇએ.
૩. સંચાલકો, શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓએ વિદ્યાર્થીઓનાં રોલ મોડલ બનવું જોઇએ. જેથી શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ માટે કાર્ય કરવાની ઉત્તમ પરિસ્થિતિ નિર્માણ કરી તેમની પાસે કાર્યક્ષમ રીતે કામ લેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે.
૪. વિદ્યાર્થીઓને યોગ્ય સંદર્ભે પ્રાણાયામનો મહાવરો કરાવવો જોઇએ, શારીરિક અને માનસિક આરોગ્યની દૃષ્ટિએ પણ તે ખુબ જ ઉપયોગી હોઇ શકે.
૫. પ્રેરક સાહિત્ય સાથે વિદ્યાર્થીઓ નિયમિત સંકળાયેલા રહે તે માટે વાંચન વકતૃત્વ, નિબંધ લેખન જેવી સ્પર્ધાઓનું આયોજન થવું જોઇએ.
૬. રાષ્ટ્રીય પર્વ તેમજ કેટલાક ધાર્મિક ઉત્સવો ઉજવીને ઉત્સવો પાછળ ઋષિઓનાં જીવન દર્શનનાં ચિંતનને સમાજ સુધી લઇ જવું પડે, આજનાં ઉત્સવોમાં પ્રદર્શન વધ્યું છે. જીવન દર્શન ઘટ્યું છે. ત્યારે ઉત્સવો પાછળનું ઢંકાયેલું રહસ્ય બહાર લાવવું જ જોઇએ.
૭. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના જેવી સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાવાથી તેને સમાજનાં વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાવાથી તેને સમાજમાં વિવિધ સ્તરના લોકોની જીંદગીનો ઝબરૂ પરિચય થશે, અને તેમના વલણોનું યોગ્ય દિશામાં ઘડતર થશે.
૮. વિદ્યાર્થીઓમાં સંવેદના જગાવવી પડે, ભારતનાં ભણેલા લોકોની હૃદય શુન્યતા એ ભારતની મોટામાં મોટી કમનસીબી છે. એવું ગાંધીજી કહેતા, શિક્ષણ દ્વારા સાર્વત્રિક વિકાસ કરવા વિચારવું જ પડે. વિદ્યાર્થીઓને જ્ઞાનનાં ક્ષેત્રની સાથે લાગણીનાં ક્ષેત્રમાં લઇ જવાની ખુબ જ જરૂર છે.
૯. વિદ્યાર્થીઓમાં ધીરજ, ખંત, નિષ્ઠા, વિશ્વાસ જેવા સદગુણોનું ઘડતર થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.
૧૦ શિક્ષણ દ્વારા સમાજને સમૃધ્ધ બનાવવા માટે સાચા શિક્ષણની ખુબ જ જરૂરીયાત છે, જે વિદ્યાર્થીઓમાં ત્યારે આવશે જ્યારે વિદ્યાર્થીઓની વર્ષો જૂની ચાલી આવતી, માનસિકતામાં બદલાવ આવશે. જ્યારે આવું થશે ત્યારે જ શિક્ષણ સાચા અર્થમાં સમાજની પ્રગતિ અને વિકાસ માટે ઉપયોગી બનશે.
૧૧ વ્યવસાયલક્ષી કેળવણી તરફ વધુ ધ્યાન આપવું જોઇએ. અને દુનિયાની સાથે કદમ મિલાવવા ભારતે પણ વૈજ્ઞાનિક અને ટેકનિકલ ક્ષેત્રે હરણફાળ ભરવી જોઇએ.
૧૨. વિદ્યાર્થીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો એવા જ રાખવા જોઇએ, જેથી શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારનું સ્તર ઉંચુ લઇ જવાય.
૧૩. વિદ્યાર્થીઓમાં આત્મ સંયમની પ્રમાણિકતા, પરમાર્થ, માનવપ્રેમ, અને ભાઇચારાનાં ખ્યાલો દૃઢ થાય તે માટે પ્રયત્નો કરવા જોઇએ.
૧૪. વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીઓમાં સંયમની કેળવણી માટે મૌન માટેની તાલીમ પણ આપવી જોઇએ. જેથી તે આત્મનિરીક્ષણની ટેવ કેળવી શકે.
૧૫. દુનિયાની સાથે કદમ મિલાવવા ભારતે પણ વૈજ્ઞાનિક અને ટેકનિકલક્ષેત્રે હરણફાળ ભરવી જોઇએ.

આમ, આ બધા પ્રયત્નો કરવા માટે ભારત પાસે અતિસમૃધ્ધ પ્રાચીન વારસો છે. હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, પારસી, શીખ, જૈન, જેવા વિવિધ ધર્મોનાં ધાર્મિક સહિત્યોમાં ઉત્તમ જીવનનો માર્ગ કંડારી જ આપ્યો છે. જરૂર તો છે બંનેમાં યોગ્ય સમનવય કરી યથોચીત ઉપયોગ કરવાની , માનવતા પાંગરતી રહે તે માટે હવે શિક્ષણ પણ સારા સંસ્કારો અને આધ્યાત્મિકતાના વિકાસ માટે પોતાનો ફાળો આપતું રહે તે અત્યંત જરૂરી છે. ખાસ કરીને પ્રાથમિક કક્ષાએ આ માટે વધારે તે માટે વધારે પ્રયત્નો થવા જોઇએ. કારણ કે, બાળપણનાં સસ્કારો જ કાયમી બની રહેતા હોય છે. સમાજમાં માત્ર સફળતા મેળવવાની જે કલા છે. તે દુર કરવાનાં પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે.

જેથી, અંતમાં કહીએ તો સ્વામિ વિવેકાનંદજી કહે છે કે " જે કેળવણી વડે ચારિ કહીએ તો સ્વામિ વિવેકાનંદજી કહે છે કે " જે કેળવણી વડે ચારિત્ર્યનું નિર્માણ થાય, મનની શકિતઓ વિકસે, બુદ્ધિની ક્ષિતિજો વિસ્તરે અને માણસ પોતાનાં પગ ઉપર ઉભો રહી શકે તેવી કેળવણીની આપણને જરૂર છે "

તો જ, ભારતમાં આ ક્ષેત્રની સમસ્યાઓને નિવારી શકીશું.

REFERENCES

૧. પુસ્તક : પરિક્ષણાર્થીનાં પંથે : ત લેખ : " નથી જીવનનું ઘડતર એ ભણતરમાં કંઇ નથી " ત ડી.પદ્મલસિંહ જે.રાજ : કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ત ત ૨. અમિતબ્રિ : મેગેઝીન ત અંક-૧૨, ડિસેમ્બર, ૨૦૦૮ ત આધુનિક ભારતમાં શિક્ષણનાં લેખો જોખો ત લેખિકા : કલ્યાણી આર ભટ્ટ ત ૩. ઉકર્ષ મેગેઝીન : કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ત લેખ : આજનાં શિક્ષણની દશા અને દિશા યોગ્ય નથી. ત લેખક : પ્રા. ડી.જયન્ત એ.શાહ ત ૪. મેનેજમેન્ટ ફન્ડા : પુસ્તક ત " શૈક્ષણિક લાયકાત નહી, અભિગમ મહત્વનો ત લેખક : એન.રઘુરામન ત ૫. ઉકર્ષ : મેગેઝીન-કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ત " શિક્ષણ અને એકવીસમી સદીનાં પડકારો " ત લેખક : ડી.નરેન્દ્રસિંહ ગોહિલ વર્ષ : ૨૦૧૧ ત ૬. ગાર્ડિયન મેગેઝીન ત " પરિવર્તનની જરૂર છે.શિક્ષણમાં કે માનસિકતામાં ? ત રોશની ડી.પટેલ. એસ.વાય.બી.કોમ :- 2010 ત ત